# સુરત મહાનગર પાલિકા અર્બન હેલ્થ સેન્ટર /મેટરનીટી હોમની સ્ટાફની કામગીરી વિષયક માહિતી

**ડોકટર્સ ની કામગીરી** ::–

(૧) દર્દીની રોગ વિષયક ફરિયાદના આધારે શારિરિક તપાસ કરવી.

(૨) દર્દીને રોગનું નિદાન કરી દવા/ઈજેકશન પ્રિસ્કાઈબ કરવા તથા બિમારી વિશે યોગ્ય તે સમજ/માર્ગદર્શન આપવુ.

(૩) મેટરનીટી હોમમાં પ્રસુતિ કરાવવી/સીઝર/T.L. ઓપરેશન કરવા.

(૪) રોગને અંતર્ગત લેબોરેટરી પરિક્ષણ કરાવવા માટે સુચના આપવી.

(૫) જે તે હેલ્થ સેન્ટર વિસ્તારમાં જઈ રોગચાળા વિષયક માહિતી મેળવી ઉપરી અધિકારીને સુપ્રત કરવી.

(૬) અર્બન હેલ્થ સેન્ટર ના વિવિધ વિસ્તારમાં આવતી આંગણવાડીમાં ચાલતી વિવિધ આરોગ્ય લક્ષી પ્રવૃતિઓનું સુપરવિઝન કરવું, સી.એસ.એસ.એમ. કાર્યક્રમ ની કામગીરી, વેકસીનેશનને લગતી કામગીરી, આર.એન.ટી.સી.પી., શાળાના વિધાર્થીઓની શારિરિક તપાસ અને આરોગ્યલક્ષી વિવિધ પ્રકારના રાષ્ટ્રિય કાર્યક્રમોમાં ભાગ લેવો.

(૭) હેલ્થ સેન્ટરના તમામ સ્ટાફની કામગીરીનું સુપરવીઝન/સંકલન કરવું.

(૮) ગંભીર રોગચાળો ફાટી નીકળે ત્યારે તાત્કાલિક તેવા રોગથી ગંભીર રીતે પિડાતા દર્દીના સ્થળ પર રૂબરું જઈ તેની આજુ બાજુના વિસ્તારની સ્થળ તપાસ હાથ ધરવી તથા યુધ્ધના ધોરણે યોગ્ય તે સારવાર ચાલુ કરાવવી.

(૯) હેલ્થ સેન્ટરને લાગત તમામ વહીવટી/મહેકમ સંબધીત કામગીરી.

(૧૦) આરોગ્યલક્ષી જન જાગૃતિ કાર્યક્રમો યોજવા.

(૧૧) જન્મ મરણ નોંધણી.

(૧૨) બાયોમેડીકલ વેસ્ટનો અમલ કરવો.

**<u>લેબોરેટરી ટેકનીશ્યનની કામગીરી</u> ::–**

(૧) ડોકટર ધ્વારા દર્દીને લખી આપવામાં  આવતા વિવિધ લેબોરેટરી પરિક્ષણ માટે દર્દીના  બ્લડ સેમ્પલ  લઈ તેનું પૃથ્થકરણ કરવુ તથા તે અંગેનો ઉપરી અધિકારીને રીપોર્ટ કરવો.

(૨)  લેબોરેટરીના સાધન/સામગ્રીની જાણવણી કરવી.

(૩) લેબોરેટરીમાં વપરાતી દવાનું સ્ટોક રજીસ્ટર મેઈન્ટેઈન કરવુ.

**<u>નર્સની કામગીરી</u> ::–**

(૧) હેલ્થ સેન્ટરમાં આવતા દર્દીના કેસ કાઢવા.

(૨) ડોકટરની સુચના મુજબ દર્દીને દવા/ઈજેકશન આપવા.

(૩) દર્દીનું લેબોરેટરી પરિક્ષણ માટે બ્લડ સેમ્પલ લેવા.

(૪) મેટરનીટી હોમમાં પ્રસુતિ, સીઝર ઓપરેશન, **T.L.** ઓપરેશન વખતે ડોકટર સાથે રહી ડોકટરની સુચના મુજબની કામગીરી કરવી.

(૫) મેટરનીટી હોમમાં દાખલ પ્રસુતિના દર્દીને ડોકટરની સુચના મુજબ ટ્રીટમેન્ટ આપવી.

**<u>આયાની કામગીરી</u> ::–**

(૧)  હેલ્થ સેન્ટરમાં આવતા દર્દીને ડોકટર તથા નર્સની સુચના મુજબ સારવાર આપવી.

(૨)  દર્દીનું ડ્રેસીંગ કરવું, પાટાપીંડી કરવું.

(૩) મેટરનીટી હામમાં બેડની જાળવવી/બેડની ચાદર પાથરવી/બદલવી/ઓપરેશનના સાધન સામ્રગીની સ્વચ્છતા કરવી

(૪) મેટરનીટી હોમમાં પ્રસુતિ માટે દાખલ દર્દીની પ્રાથમિક તબકકાની તમામ પ્રકારની તૈયારીઓ કરવી, સીઝર /ટી.એલ. ઓપરેશન કરતા પહેલા દર્દીની શારિરિક સાફ સફાઈ ની કામગીરી કરવી.

(૫) હેલ્થ સેન્ટર/મેટ.હોમની બિલ્ડીંગ, સંડાસ બાથરૂમની સાફ સફાઈની કામગીરી કરવી.

(૬) હેલ્થ સેન્ટર/મેટ.હોમના ફર્નીચર, મેડીકલ સાધન સામગ્રીની સાફ સફાઈની કામગીરી કરવી.

**<u>કલાર્ક કમ કંપા .આસી. ની કામગીરી</u> ::–**

(૧) કેસબારી પર કેસ કાઢવા.

(૨) દર્દીને ડોકટર ધ્વારા લખવામાં આવેલ પ્રિસ્ક્રીપશન મુજબ દવા આપવી.

(૩) દવાનું સ્ટોક રજીસ્ટર મેઈન્ટેઈન કરવું.

(૪) મેડીકલ કોલેજ ખાતેથી સ્ટોરમાંથી દવા લાવવી.

(૫) કર્મચારીના એસ્ટાબ્લીસમેન્ટને લગતી તથા વહીવટી કામગીરી કરવી.

(૬) રોજબરોજનું ભરણું હિસાબીશાખામાં જમા કરાવવું.

(૭) દવાના બીલ બનાવવા.

**<u>વોર્ડબોયની કામગીરી</u> ::–**

(૧) દદીનું ડ્રેસીંગ/પાટાપીંડી કરવુ.

(૨) હેલ્થ સેન્ટરના મેડીકલ સાધન સામગ્રી, લેબોરેટરીની સ્લાઈડની સાફ સફાઈની કામગીરી કરવી.

(૩) રોજબરોજનું ભરણું હિસાબીશાખામાં જમા કરાવવા જવુ.

**<u>સફાઈ કામદારની કામગીરી</u> ::–**

(૧) હેલ્થ સેન્ટર/મેટ.હોમની બિલ્ડીંગ, સંડાસ બાથરૂમની સાફ સફાઈની કામગીરી કરવી.

(૨) હેલ્થ સેન્ટર/મેટ.હોમના ફર્નીચર, મેડીકલ સાધન સામગ્રીની સાફ સફાઈની કામગીરી કરવી.

ઉપરોકત દરેક કેડરના કર્મચારીઓએ ઉપરી અધિકારી હેલ્થ સેન્ટર/મેટરનીટી હોમને લગતી જે કોઈ પણ કામગીરી સોંપે તે મુજબ કામગીરી કરવાની રહે છે.